## <u>નાયબ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ વિભાગ, અમદાવાદ</u>

૧લો અને બીજો માળ, શ્રમવન, ગન હાઉસની બાજુમાં, રૂસ્તમ કામા માર્ગ,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧,
ફોન: ૦૭૯-૨૫૫૦૨૮૪૨ ફેકસ: ૦૭૯-૨૫૫૦૨૩૪૪


ક્રમાંક:નાશ્રઆ/અવિ/રજી/OSH&WC/૨૦૨૬ તારીખ: ૨૭/૦૮/૨૦૨૬

# <u>જાહેર સુચના</u>

**વિષયઃ ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન કોડ, ૨૦૨૦ ની કલમ ૩ અંતર્ગત સંસ્થાઓની ફરજિયાત ઓનલાઈન નોંધણી (Registration) કરાવવા બાબત**

કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કામકાજની સ્થિતિને સુદ્રઢ કરવા માટે **ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન કોડ, ૨૦૨૦ (OSH&WC Code, 2020)** અમલમાં મુકવામાં આવેલ છે. સદર કોડની કલમ-૨ (v) અને કલમ ૩ અંતર્ગત તમામ કારખાના, બાંધકામ સ્થળ, ઔદ્યોગિક અને વ્યાપારી સંસ્થાઓ કે જે ૧૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી હોય, તેના માટે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત છે. જેના અનુસંધાને, ગુજરાત સરકાર દ્વારા **ગુજરાત ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડિશન નિયમો, ૨૦૨૫** તા.૨૧/૧૧/૨૦૨૫ નાં રોજ થી લાગુ કરવામાં આવેલ છે. આ નિયમો હેઠળ રાજ્યની તમામ પાત્ર સંસ્થાઓ ઓનલાઈન પોર્ટલ ઉપર નોંધણી પ્રક્રિયા કરી શકે તે ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા **<u>તા.૨૫/૦૮/૨૦૨૬</u>** થી શ્રમ સેતુ પોર્ટલ ખુલ્લું મુકવામાં આવેલ છે. જે નીચે જણાવેલ લીંક ઉપર ક્લિક કરવાથી એક્શેશ કરી શકાશે.

(https://shramsetu.gujarat.gov.in)

- **નવી સંસ્થાઓએ** સદર કોડ લાગુ થયાના **૬૦ દિવસની અંદર** ફોર્મ-૧ ઓનલાઈન ભરી નોંધણી માટે અરજી કરી નોંધણીનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.
- **હાલની ચાલુ સંસ્થાઓએ** કે જે સંસ્થાઓ જુના મજુર કાયદા હેઠળ નોંધાયેલી છે, તેમણે સદર કોડ અમલમાં આવ્યાના **૧૮૦ દિવસની** અંદર ફોર્મ-૧ ઓનલાઈન ભરીને નોંધણીનું પ્રમાણપત્ર અપડેટ કરાવી લેવાનું રહેશે.
- આ પ્રમાણપત્ર માલિકે સંસ્થાના મુખ્ય સ્થળે પ્રત્યક્ષ અથવા ડિજિટલ સ્વરૂપે સ્પષ્ટ દેખાય તે રીતે પ્રદર્શિત (Display) કરવાનું રહેશે.

## નાયબ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ વિભાગ, અમદાવાદ

૧લો અને બીજો માળ, શ્રમવન, ગન હાઉસની બાજુમાં, રૂસ્તમ કામા માર્ગ,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧,
ફોન: ૦૭૯-૨૫૫૦૨૮૪૨ ફેકસ: ૦૭૯-૨૫૫૦૨૩૪૪


❖ ઉક્ત પોર્ટલ ઉપર નીચે મુજબની પ્રક્રિયા અનુસરવાની રહેશે. (વિગતવાર માહિતી માટે યુઝર મેન્યુઅલનો અભ્યાસ કરવો.)

૧. સૌ પ્રથમ યુઝર રજીસ્ટ્રેશનનું ફોર્મ ભરી યુઝર આઈ ડી અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે.
૨. ત્યારબાદ એસ્ટાબ્લીશમેન્ટ માસ્ટર ભરવાનું રહેશે.
૩. ત્યાર બાદ એપ્લીકેશન લીસ્ટમાંથી એપ્લીકેશન ફોર રજીસ્ટ્રેશનની અરજી ઉપર કલીક કરી અરજી સબમીટ કરવાની રહેશે.

આથી તમામ સંબંધિત ઇન્સ્પેક્ટર કમ ફેસીલીટેટરોને સુચના આપવામાં આવે છે કે, તેઓ પોતપોતાના કાર્યક્ષેત્રની સંસ્થાઓની નોંધણી થાય તે માટે સંસ્થાને ફેસીલીટેટ કરવાની રહેશે.

તેમજ સંસ્થાના માલિકશ્રી અને જવાબદાર વ્યક્તિશ્રીઓને પણ જણાવવામાં આવે છે કે, નિયત સમયમર્યાદામાં તેઓની સંસ્થાની નોંધણી કરાવી લેવી. આમ કરવામાં કસુર થયે અથવા ખોટી માહિતી આપનાર સંસ્થાઓ સામે **ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન કોડ, ૨૦૨૦** ની કલમ-૯૪ અંતર્ગત ઓછામાં ઓછા રૂ.૨,૦૦,૦૦૦/- અને વધુમાં વધુ રૂ.૩,૦૦,૦૦૦/-સુધીના દંડનો ગુન્હો બને છે. જે વિદિત થવા વિનંતી.

RAJESHBHAI DHIRUBHAI PATEL
Digitally signed by RAJESHBHAI DHIRUBHAI PATEL
Date: 2026.08.27 10:54:04 +05'30'

આર.ડી.પટેલ
રજીસ્ટ્રેશન/લાયસન્સીંગ અધિકારી
અને મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદ

૧. તમામ ઇન્સ્પેક્ટર કમ ફેસીલીટેટર
૨. કારખાના, બાંધકામ સ્થળ, ઔદ્યોગિક અને વ્યાપારી સંસ્થાઓનાં માલિકશ્રીઓ/જવાબદાર વ્યક્તિશ્રીઓ (કાર્યવાહી અર્થે)